Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 11
Name : _______________

**પે.સે.કુમાર શાળા રાણા વડવાળા**
**તા. રાણાવાવ, જિ. પોરબંદર**

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 178
Roll No. : ____________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 25)

1. પૃથ્વી સપાટીના આશરે ........... વિસ્તારમાં પર્વતો આવેલા છે.
   A. 18% B. 26 % C. 44 % D. 55 %
2. ભારતનો સાતપુડા ..........પ્રકારનો પર્વત છે.
   A. ગેડ B. ખંડ C. જ્વાળામુખી D. અવશિષ્ટ
3. ચારે બાજુ થી પર્વતમાળાઓથી ઘેરાયેલ ભૂમિભાગને ............ઉચ્ચપ્રદેશ કહે છે.
   A. આંતર-પર્વતીય B. પર્વત-પ્રાંતીય C. ખંડીય D. આપેલ પૈકી એક પણ નહિ
4. સરેરાશ સમુદ્રસપાટીથી ..........ઊંચાઈ ધરાવતા સપાટ ભૂમિભાગને મેદાન કહે છે.
   A. આશરે 900 મીટરથી વધુ B. આશરે 300 મીટરથી વધુ C. આશરે 280 મીટરથી વધુ D. આશરે 180 મીટર સુધીની
5. હવાંગહોનું મેદાન ........પ્રકારનું મેદાન છે.
   A. ઘસારણ
   B. નિક્ષેપણ
   C. સંરચનાત્મક
   D. આપેલ પૈકી એક પણ પ્રકારનું નહિ
6. સરેરાશ સમુદ્રસપાટીથી ............ઊંચાઈ ધરાવતા ભૂમિભાગને પર્વત કહે છે.
   A. આશરે 800 મીટરથી વધુ. B. આશરે 400 મીટરથી વધુ C. આશરે 500 મીટરથી વધુ D. આશરે 900 મીટરથી વધુ
7. નિર્માણક્રિયાના આધારે પર્વતોને કેટલા વિભાગોમાં વહેંચવામાં આવે છે ?
   A. ત્રણ B. બે C. ચાર D. છ
8. નીચેના પૈકી કયો પર્વત ગેડ પર્વત છે ?
   A. આલ્પસ B. નીલગિરિ C. સાતપુડા D. અરવલ્લી
9. નીચેના પૈકી કયો પર્વત ગેડ પર્વત છે?
   A. ફ્યુજિયામાં B. હિમાલય C. અરવલ્લી D. વિંધ્ય
10. નીચેના પૈકી ક્યો પર્વત ગેડ પર્વત છે ?
    A. રોકીઝ B. હોસ્ટ C. ગિરનાર D. પારસનાથ
11. એન્ડીઝ નામનો ગેડ પર્વત કયા ખંડમાં આવેલો છે ?
    A. એશિયામાં B. યુરોપમાં C. ઉત્તર અમેરિકામાં D. દક્ષિણ અમેરિકામાં
12. જર્મનીનો હોસ્ટ પર્વત કયા પ્રકારનો પર્વત છે ?
    A. ગેડ પર્વત B. ખંડ પર્વત C. અવશિષ્ટ પર્વત D. જ્વાળામુખી પર્વત
13. નીચેના પૈકી કયો પર્વત ખંડ પર્વત છે?
    A. હિમાલય B. નીલગિરિ. C. અરવલ્લી D. હોસ્ટ
14. નીચેના પૈકી કયો પર્વત ખંડ પર્વત છે ?
    A. ગિરનાર B. આમ્સ C. નીલગિરિ D. પાવાગઢ

BHAVDIP VADHER (E-LEARNING)

15. ભારતમાં કશ્મીરનો ખીણપ્રદેશ ક્યાં પ્રકારના મેદાનનું ઉદાહરણ છે ?
    A. કિનારાના મેદાનનું
    B. ઘસારણના મેદાનનું
    C. નિક્ષેપણના મેદાનનું
    D. સરોવરના મેદાનનું
16. મણિપુર રાજ્યનો ખીણપ્રદેશ કયા પ્રકારના મેદાનનું ઉદાહરણ છે ?
    A. સરોવરના મેદાનનું
    B. કિનારાના મેદાનનું
    C. ઘસારણના મેદાનનું
    D. નિક્ષેપણના મેદાનનું
17. પર્વતોની હારમાળા વચ્ચે આવેલો નીચાણવાળો ભાગ ....... કહેવાય છે.
    A. ભૂશિર B. સામુદ્રધુની C. ખીણ D. સંયોગીભૂમિ
18. બે જળવિસ્તારોને જોડતી સાંકળી જળપટ્ટીને શું કહે છે ?
    A. ભૂશિર B. ટાપુ C. સંયોગીભૂમિ D. સામુદ્રધુની
19. બે જળવિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટીને શું કહે છે?
    A. સામુદ્રધુની B. ખીણ C. સંયોગીભૂમિ D. ભૂશિર
20. ભારતમાં આવેલ કોરોમાંડલનો ઉચ્ચપ્રદેશ ક્યા પ્રકારનો ઉચ્ચપ્રદેશ છે?
    A. પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ
    B. ખંડીય ઉચ્ચપ્રદેશ
    C. આંતર-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ
    D. કિનારાનો ઉચ્ચપ્રદેશ
21. ખંડીય ઉચ્ચપ્રદેશ કયો છે?
    A. દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ
    B. પેન્ટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ
    C. મોંગોલિયાનો ઉચ્ચપ્રદેશ
    D. કોરોમાંડલનો ઉચ્ચપ્રદેશ
22. નીચેના પૈકી કયો પર્વત શિયાળામાં ઉત્તર તરફથી ફૂંકાતા હિમ જેવા ઠંડા પવનોને રોકીને ઉત્તર ભારતને અતિશય ઠંડી સામે રક્ષણ આપે છે?
    A. વિંધ્ય B. પૂર્વઘાટ C. હિમાલય D. આલ્પસ
23. ભૂમધ્ય સમુદ્ર અને ઍટલૅન્ટિક મહાસાગરને કઈ સામુદ્રધુની જોડે છે?
    A. મલાક્કાની B. જિબ્રાલ્ટરની C. પાલ્કની D. બેરિંગની
24. રણપ્રદેશમાં બીજના ચંદ્ર આકારના રેતીના ઢુવાને શું કહે છે?
    A. બારખન B. યુવાલા C. ડોલાઇન્સ D. પંખાકાર મેદાન
25. ચીનમાં વધુ જોવા મળતાં મેદાનોને શું કહે છે?
    A. ડ્રિફ્ટ પ્લેઇન B. લોએસ C. પેની પ્લેઇન D. ફિયૉર્ડ

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 48)**

26. પૃથ્વીસપાટીનો અમુક ભાગ ચોક્કસ ઊંચાઈ, ઢોળાવ અને આકાર પ્રાપ્ત કરે ત્યારે તેને ..... કહે છે.
27. ......... ને આધારે પર્વતોને ચાર વિભાગોમાં વહેંચવામાં આવે છે.
28. પર્વતો સમુદ્રસપાટીથી લગભગ ....... મીટરથી વધુ ઊંચાઈ ધરાવે છે.
29. ભારતનો હિમાલય ........ પ્રકારનો પર્વત છે.
30. યુરોપનો આલ્પસ .......... પ્રકારનો પર્વત છે.
31. રૉકીઝ પર્વત .........અમેરિકામાં આવેલો છે.
32. એન્ડીઝ પર્વત ...... પ્રકારનો પર્વત છે.
33. જર્મનીનો ...... પર્વત ખંડ પર્વતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

BHAVDIP VADHER (E-LEARNING)

34. ભારતનો વિંધ્ય પર્વત .........પ્રકારનો પર્વત છે.
35. ભારતનો નીલગિરિ ....... પ્રકારનો પર્વત છે.
36. ઇટલીનો વિસુવિયસ પર્વત ....... પર્વત છે.
37. ઇક્વેડોરનો કટોપક્સી પર્વત ........ પર્વત છે.
38. ફ્યુજિયામા જ્વાળામુખી ......... દેશમાં આવેલો છે.
39. ભારતનો બેરન (અંદમાન) પર્વત ........ પ્રકારનો પર્વત છે.
40. ગુજરાતનો પાવાગઢ પર્વત .......પર્વત છે.
41. ભારતનો પારસનાથ પર્વત ........પર્વત છે.
42. ભારતનો પૂર્વઘાટ ........... પર્વતનું ઉદાહરણ છે.
43. ભારતનો અરવલ્લી પર્વત ...........પર્વત છે.
44. પર્વતો ....... નું ઉદગમસ્થાન છે.
45. પ્રવાસન ઉદ્યોગ, ચલચિત્ર ઉદ્યોગ અને આરોહકો માટે ........... આશીર્વાદરૂપ છે.
46. ભારતનો ગિરનાર પર્વત ........ પર્વતનું ઉદાહરણ છે.
47. વિશ્વની કુલ વસ્તીના ........ ભાગની વસ્તીનું રહેઠાણ ........... છે.
48. પૃથ્વીસપાટીના આશરે ........ ભાગમાં ઉચ્ચપ્રદેશો આવેલા છે.
49. તિબેટનો ઉચ્ચપ્રદેશ ........ ઉચ્ચપ્રદેશ છે.
50. મોગોલિયાનો ઉચ્ચપ્રદેશ ....... ઉચ્ચપ્રદેશ છે.
51. દક્ષિણ અમેરિકાનો પેન્ટાગોનિયા ........ ઉચ્ચપ્રદેશનું ઉદાહરણ છે.
52. પીડમોન્ટ પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ ........ દેશમાં આવેલો છે.
53. ભારતમાં માળવાનો ઉચ્ચપ્રદેશ ........ ઉચ્ચપ્રદેશનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.
54. ભારતમાં મહારાષ્ટ્રનો લાવાનો ઉચ્ચપ્રદેશ ......... ઉચ્ચપ્રદેશ છે.
55. બ્રાઝિલનો ઉચ્ચપ્રદેશ ....... ઉચ્ચપ્રદેશ છે.
56. અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ ........ ઉચ્ચપ્રદેશ છે.
57. ગ્રીનલેન્ડનો ઉચ્ચપ્રદેશ ....... ઉચ્ચપ્રદેશ છે.
58. ઍન્ટાર્કટિકાનો ઉચ્ચપ્રદેશ ........ ઉચ્ચપ્રદેશ છે.
59. મેદાનો પૃથ્વીસપાટીના લગભગ .......... ટકા ભાગ પર આવેલાં છે.
60. દુનિયાનાં મોટા ભાગનાં મેદાનો ........ દ્વારા ઠલવાયેલ માટીમાંથી નિર્માણ પામ્યાં છે.
61. ઑસ્ટ્રેલિયાનું મધ્યનું મેદાન ....... પ્રકારનું મેદાન છે.
62. મેક્સિકોના અખાતના કિનારે ફેલાયેલ યુ.એસ.એ.ના દક્ષિણ- પૂર્વમાં આવેલ મેદાન .........પ્રકારનું મેદાન છે.
63. ઘસારણ દ્વારા બનેલ મેદાનો ........ કહેવાય છે.
64. ભારતમાં ગંગા-યમુનાનું મેદાન ......... પ્રકારનું મેદાન છે.
65. ઇટલીમાં પૉ નદી દ્વારા ....... નું મેદાન કાંપના મેદાનનું વિશિષ્ટ ઉદાહરણ છે.
66. ભારતમાં કશ્મીરનો ખીણપ્રદેશ અને મણિપુરનો ખીણપ્રદેશ ........ મેદાનનાં ઉદાહરણો છે.
67. સામાન્ય રીતે ગીચ વસ્તી ધરાવતાં શહેરો ........ માં આવેલાં છે.
68. સામાન્ય રીતે મહાસાગરના જળભાગનો આંશિક ભાગ એટલે ...........
69. પર્વતોની હારમાળા વચ્ચે આવેલો નીચાણવાળો ભાગ એટલે ............
70. બે જળવિસ્તારોને જોડતી સાંકડી જળપટ્ટીને .......... કહે છે.
71. ભારત અને શ્રીલંકા વચ્ચે ....... ની સામુદ્રધુની આવેલી છે.
72. બે જળવિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટી ........ કહેવાય છે.
73. ઉત્તર અમેરિકા ખંડ અને દક્ષિણ અમેરિકા ખંડ વચ્ચે ......... ની સંયોગીભૂમિ આવેલી છે.

BHAVDIP VADHER (E-LEARNING)

➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો (Marks - 35)

74. પૃથ્વીસપાટીના લગભગ 62 % વિસ્તારમાં પર્વતો આવેલા છે.
75. હિમાલય ગેડ પર્વત છે.
76. ઉત્તર અમેરિકામાં એન્ડીઝ પર્વત ગેડ પર્વત છે.
77. ઉત્તર અમેરિકામાં રોકીઝ પર્વત ગેડ પર્વત છે.
78. ગેડ પર્વત હોસ્ટ પણ કહેવાય છે.
79. ભારતમાં વિંધ્ય પર્વત ખંડ પર્વત છે.
80. ભારતનો સાતપુડા જ્વાળામુખી પર્વત છે.
81. જ્વાળામુખી પર્વત શંકુ આકારનો હોય છે.
82. જાપાનનો ફ્યુજિયામાં જ્વાળામુખી પર્વત છે.
83. ભારતનો વિસુવિયસ પર્વત જ્વાળામુખી પર્વત છે.
84. ભારતમાં પાવાગઢ અને અરવલ્લી પર્વતો જ્વાળામુખી પર્વતો છે.
85. ગુજરાતનો ગિરનાર પર્વત જ્વાળામુખી પર્વત છે.
86. ભારતમાં અરવલ્લી પર્વત ખંડ પર્વત છે.
87. ભારતમાં પૂર્વઘાટ પર્વત અવશિષ્ટ પર્વત છે.
88. પૃથ્વી સપાટીના લગભગ 18 % વિસ્તારમાં ઉચ્ચપ્રદેશો આવેલા છે.
89. તિબેટનો ઉચ્ચપ્રદેશ પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ છે.
90. મોંગોલિયાનો ઉચ્ચપ્રદેશ આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ છે.
91. દક્ષિણ અમેરિકામાં પેન્ટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ ખંડીય ઉચ્ચ પ્રદેશ છે.
92. દક્ષિણ અમેરિકામાં પેન્ટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ ખંડીય ઉચ્ચ પ્રદેશ છે.
93. પીડમોન્ટ પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ યુ.એસ.એ.માં આવેલો છે.
94. ભારતમાં આવેલો માળવાનો ઉચ્ચપ્રદેશ પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ છે.
95. ભારતમાં તમિલનાડુનો લાવાનો ઉચ્ચપ્રદેશ ખંડીય ઉચ્ચપ્રદેશ છે.
96. ભારતમાં છોટાઉદેપુરના ઉચ્ચપ્રદેશમાંથી કિંમતી ખનીજો મળે છે.
97. બ્રાઝિલનો ઉચ્ચપ્રદેશ ખંડીય ઉચ્ચપ્રદેશ છે.
98. પૃથ્વીસપાટીના આશરે 65 % ભાગ પર મેદાનો આવેલાં છે.
99. સંરચનાત્મક મેદાન મોટા ભાગે ભૂમિખંડના કિનારે જોવા મળે છે.
100. ઉત્તર કેનેડા અને પશ્ચિમ સાઇબીરિયાનાં મેદાનો ઘસારણથી બનેલાં છે.
101. ઘસારણના મેદાનને નદીકૃત કે કાંપનું મેદાન પણ કહેવામાં આવે છે.
102. ભારતમાં ગંગા-યમુનાનું મેદાન કાંપનું મેદાન છે.
103. ઉત્તર ચીનમાં હવાંગહોનું મેદાન સંરચનાત્મક મેદાન છે.
104. ભારતમાં કશ્મીરનો ખીણપ્રદેશ સરોવરનું મેદાન છે.
105. કેટલીક ખેતપેદાશો વેપાર માટે કાચો માલ પૂરો પાડે છે.
106. ત્રણેય બાજુથી ભૂમિથી ઘેરાયેલ હોય તેવા જળવિસ્તારો અખાત કહેવાય છે.
107. બે જળવિસ્તારોને જોડતી સાંકડી જળપટ્ટીને સામુદ્રધુની કહે છે.
108. બે જળવિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટીને ભૂશિર કહે છે.

➽ જોડકા જોડો (Marks - 20)

BHAVDIP VADHER (E-LEARNING)

109. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | હિમાલય | (1) જ્વાળામુખી પર્વત |
| 2. | સાતપુડા | (2) અવશિષ્ટ પર્વત |
| 3. | અરવલ્લી | (3) ઉચ્ચપ્રદેશ |
| 4. | પાવાગઢ | (4) ખંડ પર્વત |

110. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | આલ્પસ | ( 1 ) ખંડ પર્વત |
| 2. | વિંધ્ય | (2) અવશિષ્ટ પર્વત |
| 3. | ફ્યુજિયામા | (3) ગેડ પર્વત |
| 4. | પારસનાથ | (4) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |

111. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | રૉકીઝ | (1) જ્વાળામુખી પર્વત |
| 2. | હોસ્ટ | (2) ગેડ પર્વત |
| 3. | ગિરનાર | (3) પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ |
| 4. | રાજમહલ | (4) ખંડ પર્વત |

112. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | તિબેટનો ઉચ્ચપ્રદેશ | (1) સંયોગીભૂમિ |
| 2. | માળવાનો ઉચ્ચપ્રદેશ | (2) સામુદ્રધુની |
| 3. | બ્રાઝીલનો ઉચ્ચપ્રદેશ | (3) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |
| 4. | પાલ્ક | (4) ખંડીય ઉચ્ચપ્રદેશ |

113. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | મોંગોલિયાનો ઉચ્ચપ્રદેશ | (1) ખંડીય ઉચ્ચપ્રદેશ |
| 2. | પેન્ટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ | ( 2 ) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ |
| 3. | અરબસ્તાનનો ઉચ્ચપ્રદેશ | ( 3 ) સંયોગીભૂમિ |
| 4. | પનામાં | ( 4) પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ |

**➽ આપેલ નકશામાં નીચેના સ્થાન દર્શાવો** **(Marks - 16)**

114. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : છોટાઉદેપુરનો ઉચ્ચપ્રદેશ

115. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : બંગાળાનો ઉપસાગર

116. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : માળવાનો ઉચ્ચપ્રદેશ

117. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : વિંધ્ય પર્વત

118. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : ગિરનાર પર્વત

119. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : ખંભાતનો અખાત

120. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : નિલગિરી પર્વત

121. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય જગ્યાએ દર્શાવો : કચ્છનો અખાત

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 11)**

122. ભૂમિસ્વરૂપોના સર્જનમાં કયાં પરિબળો ફાળો આપે છે?

123. ભૂમિસ્વરૂપોને ઓળખવા માટેનાં મુખ્ય લક્ષણો ક્યાં કયાં છે ?

124. ભૂમિસ્વરૂપના મુખ્ય પ્રકારો ક્યા ક્યા છે?

BHAVDIP VADHER (E-LEARNING)

125. ઉપસાગર (Bay) એટલે શું? દષ્ટાંત આપો.
126. અખાત (Gulf ) કોને કહે છે ? દષ્ટાંત આપો.
127. ભૂશિર (Cape) એટલે શું? દષ્ટાંત આપો.
128. ભૂશિર (Cape) એટલે શું? દષ્ટાંત આપો.
129. ટાપુ (Island) કોને કહે છે ? દષ્ટાંત આપો.
130. ખીણ (Valley) એટલે શું? દષ્ટાંત આપો.
131. સામુદ્રધુની (Strait) કોને કહે છે ? દષ્ટાંત આપો.
132. સંયોગભૂમિ (Isthmus) કોને કહે છે? દષ્ટાંત આપો.

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 32)**

133. ભૂમિસ્વરૂપ કોને કહેવાય?
134. પર્વત એટલે શું? તેના મુખ્ય પ્રકારો કયા છે?
135. ઉચ્ચપ્રદેશ અને મેદાન વચ્ચેનો તફાવત જણાવો.
136. સંરચનાત્મક મેદાન (કિનારાનાં મેદાન) કોને કહે છે? દષ્ટાંત આપો.
137. ઘસારણનું મેદાન કોને કહે છે ? દષ્ટાંત આપો.
138. નિક્ષેપણનું મેદાન કોને કહે છે ? દૃષ્ટાંત આપો.
139. પર્વતો એકબીજાથી અલગ કેમ દેખાય છે?
140. અવશિષ્ટ પર્વત (Residual Mountain) કોને કહે છે ? દષ્ટાંત આપો.
141. મેદાનની રચના કેવી રીતે થાય છે? સમજાવો.
142. ઉચ્ચપ્રદેશ એટલે શું? ઉચ્ચપ્રદેશના પ્રકારો જણાવો.
143. ઉચ્ચપ્રદેશું મહત્ત્વ જણાવો.
144. મેદાનોની ઉપયોગિતા જણાવો
145. પર્વતોનું મહત્ત્વ જણાવો.
146. ટૂંક નોંધ લખો : ઉચ્ચપ્રદેશોનું મહત્ત્વ
147. ટૂંક નોંધ લખો : નિક્ષેપણનું મેદાન (Depositional
148. ટૂંક નોંધ લખો : મેદાનનું મહત્ત્વ

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 11

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 178

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 25)

1. 26 %
2. ખંડ
3. આંતર-પર્વતીય
4. આશરે 180 મીટર સુધીની
5. નિક્ષેપણ
6. આશરે 900 મીટરથી વધુ
7. ચાર
8. આલ્પસ
9. હિમાલય
10. રોકીઝ
11. દક્ષિણ અમેરિકામાં
12. ખંડ પર્વત
13. હોસ્ટ
14. નીલગિરિ
15. સરોવરના મેદાનનું
16. સરોવરના મેદાનનું
17. ખીણ
18. સામુદ્રધુની
19. સંયોગીભૂમિ
20. કિનારાનો ઉચ્ચપ્રદેશ
21. દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ
22. હિમાલય
23. જિબ્રાલ્ટરની
24. બારખન
25. લોએસ

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 48)

26. ભૂમિ સ્વરૂપ
27. નિર્માણક્રિયા
28. 900
29. ગેડ
30. ગેડ
31. ઉતર
32. ગેડ

BHAVDIP VADHER (E-LEARNING)

33. હોર્સ્ટ
34. ખંડ
35. ખંડ
36. જ્વાળામુખી
37. જ્વાળામુખી
38. જાપાન
39. જ્વાળામુખી
40. જ્વાળામુખી
41. અવશિષ્ટ
42. અવશિષ્ટ
43. અવશિષ્ટ
44. નદીઓ
45. પર્વતો
46. જ્વાળામુખી
47. દસમા,પર્વતો
48. 18%
49. આંતર-પર્વતીય
50. આંતર-પર્વતીય
51. પર્વત-પ્રાંતીય
52. યૂ.એસ.એ.
53. પર્વત-પ્રાંતીય
54. ખંડિય
55. ખંડિય
56. ખંડિય
57. ખંડિય
58. ખંડિય
59. 55
60. નદીઓ
61. સંરચનાત્મક
62. સંરચનાત્મક
63. પેની પ્લેઇન
64. નિક્ષેપણ
65. લોમ્બાર્ડી
66. સરોવર
67. મેદાનો
68. ઉપસાગર
69. ખીણ
70. સામુદ્રધુની
71. પાલ્ક
72. સંયોગભૂમિ

BHAVDIP VADHER (E-LEARNING)

73. પનામા

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 35)**

74. ખોટું (False)
75. ખરું (True)
76. ખોટું (False)
77. ખરું (True)
78. ખોટું (False)
79. ખરું (True)
80. ખોટું (False)
81. ખરું (True)
82. ખરું (True)
83. ખોટું (False)
84. ખોટું (False)
85. ખરું (True)
86. ખોટું (False)
87. ખરું (True)
88. ખરું (True)
89. ખોટું (False)
90. ખરું (True)
91. ખોટું (False)
92. ખોટું (False)
93. ખરું (True)
94. ખરું (True)
95. ખોટું (False)
96. ખોટું (False)
97. ખરું (True)
98. ખોટું (False)
99. ખરું (True)
100. ખરું (True)
101. ખોટું (False)
102. ખરું (True)
103. ખોટું (False)
104. ખરું (True)
105. ખરું (True)
106. ખરું (True)
107. ખરું (True)
108. ખોટું (False)

**➽ જોડકા જોડો** **(Marks - 20)**

109. (1-5), (2 -4), (3 -2), (4 -1).

BHAVDIP VADHER (E-LEARNING)

110. (1-3), (2 -1), (3 - 5), (4 -2).

111. (1 -2), (2 - 4), (3-1), (4 - 5).

112. (1 - 3), (2 - 5), (3 - 4), (4 -2).

113. (1-2), (2 -4), (3 – 1), (4 - 3),

**➽ આપેલ નકશામાં નીચેના સ્થાન દર્શાવો** **(Marks - 16)**

114. નક્શો

115. નક્શો

116. નક્શો

117. નક્શો

118. નક્શો

119. નક્શો

120. નક્શો

121. નક્શો

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 11)**

122. ભૂમિસ્વરૂપોના સર્જનમાં ધરતીકંપ, જ્વાળામુખી, સુનામી જેવાં ભૂગર્ભનાં પરિબળો તેમજ નદી, પવન, હિમનદી, સમુદ્રનાં મોજાં જેવાં બાહ્ય પરિબળો ફાળો આપે છે.

123. ભૂમિસ્વરૂપોને ઓળખવા માટેનાં ત્રણ મુખ્ય લક્ષણો છે : (1) ચોક્કસ ઊંચાઈ, (2) ઢોળાવ અને (3) વિશિષ્ટ આકાર.

124. ભૂમિસ્વરૂપના ત્રણ મુખ્ય પ્રકારો છે : (1) પર્વતો, (2) ઉચ્ચપ્રદેશો અને (3) મેદાનો.

125. 'ઉપસાગર' એટલે મહાસાગરના જળભાગનો આંશિક ભાગ. તે જમીન ફરતે ખુલ્લા વિશાળ સરોવર જેવો આકાર ધારણ કરે છે. ભારતમાં બંગાળનો ઉપસાગર તેનું શ્રેષ્ઠ દષ્ટાંત છે.

126. ત્રણેય બાજુથી ભૂમિથી ઘેરાયેલ હોય તેવા જળવિસ્તારને અખાત કહે છે. દા. ત., ખંભાતનો અખાત અને કચ્છનો અખાત.

127. 'ભૂશિર' એટલે જળભાગમાં ફેલાયેલ ભૂમિનો લંબાત્મક છેડો. દા. ત., ભારતની કન્યાકુમારીની ભૂશિર અને આફ્રિકાની કેપ ઑફ ગુડ હોપની ભૂશિર.

128. 'ભૂશિર' એટલે જળભાગમાં ફેલાયેલ ભૂમિનો લંબાત્મક છેડો. દા. ત., ભારતની કન્યાકુમારીની ભૂશિર અને આફ્રિકાની કેપ ઑફ ગુડ હોપની ભૂશિર.

129. ચારે બાજુથી જળવિસ્તારથી ઘેરાયેલ ભૂમિભાગને 'ટાપુ' કહે છે. દા. ત., લક્ષદ્વીપ અને અંદમાન અને નિકોબાર ટાપુઓ.

130. 'ખીણ' એટલે પર્વતોની હારમાળા વચ્ચે આવેલો નીચાણવાળો ભાગ. ગેડ અને ખંડ પર્વતોની રચના વખતે તેમજ નદી તથા હિમનદીની ઘસારણક્રિયાને પરિણામે ખીણોની રચના થાય છે. દા. ત., ભારતમાં કશ્મીરની ખીણ.

131. બે જળવિસ્તારોને જોડતી સાંકડી જળપટ્ટીને 'સામુદ્રધુની' કહે છે. દા. ત., ભારત અને શ્રીલંકા વચ્ચે આવેલી પાલ્કની સામુદ્રધુની. આ સામુદ્રધુની પૂર્વમાં બંગાળની ખાડીને પશ્ચિમે અરબ સાગરને જોડે છે.

132. બે જળવિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટીને 'સંયોગીભૂમિ' કહે છે. દા. ત., પનામા, તે ઉત્તર અમેરિકા ખંડ અને દક્ષિણ અમેરિકા ખંડ વચ્ચે આવેલી છે.

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 32)**

133. ભૂમિસ્વરૂપ એટલે ભૂપૃષ્ઠનાં વિવિધ રૂપો . સમુદ્રની સપાટીથી જુદી જુદી ઊંચાઈએ આવેલા, વિશિષ્ટ આકાર અને ઢોળાવવાળું ભૂપૃષ્ઠ ધરાવતા ભાગને 'ભૂમિસ્વરૂપ' કહેવામાં આવે છે.

134. પર્વત એટલે એવો ભૂમિભાગ કે જે સમુદ્રની સપાટીથી આશરે 900 મીટર કરતાં વધારે ઊંચાઈ ધરાવતો હોય, જેનું ભુતલ મોટે ભાગે ઊંચા-નીચા ઢોળાવવાળું હોય અને જેના મથાળાનો ભાગ સાંકડા શિખરોરૂપે ઊંચે ઊપસેલો હોય. નિર્માણક્રિયાના આધારે પર્વતોના મુખ્ય ચાર પ્રકારો છે : (1) ગેડ પર્વત, (2) ખંડ પર્વત, (3) જ્વાળામુખી પર્વત અને (4) અવશિષ્ટ પર્વત.

BHAVDIP VADHER (E-LEARNING)

135. ઉચ્ચપ્રદેશ સમુદ્રની સપાટીથી સામાન્ય રીતે 180 મીટર કરતાં વધુ પણ 900 મીટર કરતાં ઓછી ઊંચાઈ ધરાવતો અને ઉપરથી પ્રમાણમાં પહોળો સમથળ ભૂમિભાગ હોય છે; જ્યારે મેદાન સમુદ્રની સપાટીથી આશરે 180 મીટરથી વધુ ઊંચો નહિ એવો સમથળ ભૂમિભાગ હોય છે.

136. પૃથ્વીની ભૂગર્ભિક હિલચાલને કારણે સમુદ્રકિનારા નજીકનો ખંડીય છાજલીનો ભૂમિભાગ ઊંચકાય છે ત્યારે બનતા મેદાનને 'સંરચનાત્મક મેદાન' કે કિનારાનાં મેદાન કહે છે. દા. ત.,મેક્સિકોનો અખાતના કિનારે ફેલાયેલ મેદાન,

137. પર્વતો અને ઉચ્ચપ્રદેશો નદી, પવન, હિમનદી જેવાં પરિબળો દ્વારા ઘસાઈને બનતા મેદાનને 'ઘસારણનું મેદાન' કહે છે. આવું મેદાન સંપૂર્ણપણે સપાટ બનતું નથી. દા. ત., પશ્ચિમ સાઇબીરિયાનું મેદાન.

138. નદી, હિમનદી અને પવને જે સામગ્રી ઢસડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવે છે તે અનુકૂળતા મળતાં સરોવર કે સમુદ્ર જેવા નીચા ભાગોમાં પથરાય છે. આ પ્રમાણે નિક્ષેપક્રિયાથી રચાયેલા મેદાનને 'નિક્ષેપણનું મેદાન' કહે છે. આવા મેદાનને 'નદીકૃત' કે 'કાંપનું મેદાન' પણ કહે છે. દા. ત., ભારતમાં ગંગા-યમુનાનું મેદાન.

139. પૃથ્વીના પેટાળમાં ભૂકંપ અને જ્વાળામુખી જેવાં કુદરતી ભૌતિક બળોની ક્રિયા, પ્રતિક્રિયા અને આંતરક્રિયાથી પર્વતો બને છે, આમ, પર્વતોના ઉદભવ અને વિકાસમાં એકથી વધુ ક્રિયાઓ તથા બળોની અસર જોવા મળે છે. તેથી પર્વતો તેના વિવિધ પાસાંઓના સંદર્ભમાં એકબીજાથી અલગ દેખાય છે.

140. અવશિષ્ટ એટલે બાકી રહેલો ભાગ. કેટલીક વાર ઘણી ઊંચાઈએ આવેલા સમથળ ભૂમિભાગ પર કુદરતી પરિબળોના ઘસારણ કાર્યથી લાંબે ગાળે ઊંડી ખીણો અને કોતરો રચાય છે. એ ખીણોની આસપાસનો નક્કર ખડકમાંથી બનેલ ભૂમિભાગ ઊંચા ભૂમિખંડ તરીકે ટકી રહે છે તેને 'અવશિષ્ટ પર્વત' કહે છે. દા. ત., ભારતમાં અરવલ્લી, પારસનાથ, રાજમહલ, પૂર્વઘાટ વગેરે.

141. સમુદ્રસપાટીથી આશરે 180 મીટરથી ઓછી ઊંચાઈએ આવેલા સમતલ કે સપાટ ભૂમિભાગને 'મેદાન' કહેવામાં આવે છે. તે પૃથ્વીસપાટીના લગભગ 55 % ભાગ પર ફેલાયેલ છે. દુનિયાનાં મોટા ભાગનાં મેદાનો નદીઓએ પાથરેલી માટી અને કોપમાંથી બન્યાં છે. આ ઉપરાંત, કેટલાંક મેદાનોની રચના પવન, જ્વાળામુખી અને હિમનદીઓ દ્વારા થાય છે.

142. સમુદ્રની સપાટીથી આશરે 180 મીટરથી વધુ પણ 900 મીટરથી ઓછી ઊંચાઈ ધરાવતા અને ટોચ ઉપર પ્રમાણમાં પહોળા અને સમતલ ભૂમિભાગને 'ઉચ્ચપ્રદેશ' કહેવામાં આવે છે. ઉચ્ચપ્રદેશોનાં ભૌગોલિક સ્થાન અને રચના ઉપરથી તેમના મુખ્ય ત્રણ પ્રકારો પડે છે : (1) આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ, (2) પર્વત-પ્રાંતીય ઉચ્ચપ્રદેશ અને (3) ખંડીય ઉચ્ચપ્રદેશ.

143. ઉચ્ચપ્રદેશનું મહત્ત્વ આ પ્રમાણે છે : ( 1 ) લાવાની કાળી ફળદ્રુપ જમીનથી બનેલા ઉચ્ચપ્રદેશોમાં કપાસનો પાક સારો થાય છે. (2) પ્રાચીન નક્કર ખડકોના બનેલા ઉચ્ચપ્રદેશોમાંથી લોખંડ, મેંગેનીઝ, સોનું વગેરે કીમતી ખનીજો મળી આવે છે. દા. ત., ભારતના છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશમાંથી અનેક ખનીજો મળી આવે છે. (3) ઉચ્ચપ્રદેશોના ઘાસવાળા ઢોળાવો પશુપાલન પ્રવૃત્તિ માટે સારી અનુકૂળતા ધરાવે છે. ( 4 ) કેટલાક ઉચ્ચપ્રદેશો પ્રવાસન ઉદ્યોગ અને ફિલ્મોના શૂટિંગ માટે બહુ અનુકૂળ હોય છે.

144. ( 1 ) ફળદ્રુપ મેદાનો માનવવસવાટ માટે બધી રીતે અનુકૂળ હોય છે તેથી ત્યાં ખેતી, વેપાર અને ઉદ્યોગ-ધંધા જેવી આર્થિક પ્રવૃત્તિઓ ખૂબ વિકસે છે. (2) સપાટ ભૂપૃષ્ઠને કારણે મેદાનોમાં સડકમાર્ગો અને રેલમાર્ગોનો વિકાસ વધારે થયો છે. (3) મૈદાનપ્રદેશોમાં ગીચ વસ્તી ધરાવતાં મોટાં શહેરો વિકસ્યાં છે. (4) ફળદ્રુપ જમીન મુખ્યત્વે ખેતીની પેદાશો માટે ખૂબ ઉપયોગી કે છે. કેટલીક ખેતપેદાશો ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે.

145. પર્વતોનું મહત્ત્વ આ પ્રમાણે છે : (1) દેશની સરહદ પર આવેલા ઊંચા પર્વતો કુદરતી દીવાલ બનીને સરહદની સુરક્ષા કરે છે. (2) પર્વતોના વિશિષ્ટ સ્થાનની આબોહવા પર નોંધપાત્ર અસર થાય છે. દા. ત., હિમાલય પર્વત શિયાળામાં ઉત્તર તરફથી ફૂંકાતા હિમ જેવા ઠંડા પવનોને અટકાવી ઉત્તર ભારતને અતિશય ઠંડી સામે રક્ષણ આપે છે. (3) પર્વતો ભેજવાળા પવનોને આગળ વધતા અટકાવે છે અને વરસાદ લાવવામાં ઉપયોગી નીવડે છે. (4) પર્વતો નદીઓનું ઉદ્ગમસ્થાન છે. નદીઓ દ્વારા ફળદ્રુપ મેદાનો રચાય છે. ( 5) ભારે વરસાદવાળા ઊંચા હિમાચ્છાદિત પ્રદેશમાંથી બારેમાસ વહેતી નદીઓ સિંચાઈ, જળવિદ્યુત, મત્સ્ય- ઉદ્યોગ અને વહાણવટા માટે ઉપયોગી બને છે. ( 6 ) કેટલાક પર્વતોમાંથી અનેક પ્રકારનાં ખનીજો મળી આવે છે. ( 7) પર્વતો જંગલસંપત્તિ અને પ્રાણીસંપત્તિના ભંડાર છે. ( 8 ) પર્વતો ઉપર ઊંચાઈએ આવેલાં કેટલાંક સ્થળો હવાખાવાનાં સ્થળો તરીકે ઉપયોગી બને છે. (9) પ્રવાસન ઉદ્યોગ, ચલચિત્ર ઉદ્યોગ અને પર્વતારોહકો માટે પર્વતો આશીર્વાદરૂપ છે. (10) વિશ્વની કુલ વસ્તીના દસમા ભાગની વસ્તી માટે પર્વતો રહેઠાણનું સ્થાન છે.

146. ઉચ્ચપ્રદેશનું મહત્ત્વ આ પ્રમાણે છે : ( 1 ) લાવાની કાળી ફળદ્રુપ જમીનથી બનેલા ઉચ્ચપ્રદેશોમાં કપાસનો પાક સારો થાય છે. (2) પ્રાચીન નક્કર ખડકોના બનેલા ઉચ્ચપ્રદેશોમાંથી લોખંડ, મેંગેનીઝ, સોનું વગેરે કીમતી ખનીજો મળી આવે છે. દા. ત., ભારતના છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશમાંથી અનેક ખનીજો મળી આવે છે. (3) ઉચ્ચપ્રદેશોના ઘાસવાળા ઢોળાવો પશુપાલન પ્રવૃત્તિ માટે સારી અનુકૂળતા ધરાવે છે. ( 4 ) કેટલાક ઉચ્ચપ્રદેશો પ્રવાસન ઉદ્યોગ અને ફિલ્મોના શૂટિંગ માટે બહુ અનુકૂળ હોય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

147. નિક્ષેપણનાં મેદાનો બે રીતે બને છે : (1) નદીના Plain) કાંપનાં મેદાનો : નદીમાં જ્યારે પૂર આવે છે ત્યારે તેમાં ઘસડાઈ આવેલો કાંપ પાણીની સાથે બંને કિનારાઓ પર પથરાય છે. આ રીતે નદીકિનારે કાંપનાં મેદાનો બને છે. ભારતમાં ગંગા-યમુનાનાં મેદાનો, ઉત્તર ચીનમાં વાંગહોનું મેદાન, ઇટલીમાં પોં નદી વડે બનેલું લોમ્બાર્ડનું મેદાન કાંપનાં મેદાનોનાં ઉદાહરણો છે.

(2) સરોવરનાં મેદાનો : કેટલીક નદીઓ સરોવરોને મળે છે.આ નદીઓ પોતાના પ્રવાહનાં કાંપ, માટી, રેતી વગેરે રોવરમાં ઠાલવે છે. તેથી સરોવર ધીમે ધીમે પુરાય છે અને કાળક્રમે ત્યાં મેદાન બને છે, જે સરોવરનું મેદાન કહેવાય છે. ભારતમાં કશમીરના ખીણ પ્રદેશ અને મણિપુર રાજ્ય તરફનો ઇમ્ફાલ તળપ્રદેશ સરોવરનાં મેદાનો છે.[નદી જ્યારે સમુદ્રને મળે છે ત્યારે સમુદ્રકિનારાની નજીકના વિસ્તારોમાં ધીમા વેગને કારણે પુષ્કળ કાંપ ઠાલવે છે. આ રીતે તૈયાર થયેલ મેદાન 'મુખત્રિકોણ પ્રદેશનું મેદાન' કહેવાય છે, ને પવન પોતાની સાથે લાવેલા માટી અને રેતીના કણો જેવા વહનબોજનું કોઈ અવરોધ આવતાં કે પવનની ગતિ ધીમી પડતાં પવન દ્વારા નિક્ષેપણનું મેદાન રચાય છે. તેને 'લોએસનું મેદાન' (Loess Plain) કહે છે. ]

148. ( 1 ) ફળદ્રુપ મેદાનો માનવવસવાટ માટે બધી રીતે અનુકૂળ હોય છે તેથી ત્યાં ખેતી, વેપાર અને ઉદ્યોગ-ધંધા જેવી આર્થિક પ્રવૃત્તિઓ ખૂબ વિકસે છે. (2) સપાટ ભૂપૃષ્ઠને કારણે મેદાનોમાં સડકમાર્ગો અને રેલમાર્ગોનો વિકાસ વધારે થયો છે. (3) મૈદાનપ્રદેશોમાં ગીચ વસ્તી ધરાવતાં મોટાં શહેરો વિકસ્યાં છે. (4) ફળદ્રુપ જમીન મુખ્યત્વે ખેતીની પેદાશો માટે ખૂબ ઉપયોગી કે છે. કેટલીક ખેતપેદાશો ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે.

BHAVDIP VADHER (E-LEARNING)